**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**

**ગાંધીનગર**

# એકમ કસોટી

**ધો – 11 (સામાન્ય પ્રવાહ)** **કુલ ગુણઃ- 25**

**વિષયઃ નામાનાં મૂળતત્વો (154)** **સમયઃ 01.00 કલાક**

**i. આ એકમ કસોટીમાં કુલ 13 પ્રશ્નો છે.**

**ii. એકમ કસોટીના જવાબો વિદ્યાર્થીઓએ પોતાની નોટબુકમાં લખવાના રહેશે.**

## વિભાગઃ A

❖ નીચે આપેલા પ્રશ્નક્રમાંક 01 થી 05 હેતુલક્ષી પ્રકારના છે. આપેલા ચાર વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખોઃ (દરેક પ્રશ્નના 1 ગુણ છે.) (05)

1) હિસાબી પદ્ધતિની મર્યાદા કઈ છે?
   (A) નફાકારકતા જણાવે છે. (B) આર્થિક સ્થિતિ જણાવે છે
   (C) કરવેરા આયોજન (D) નાણાનું સ્થિર મૂલ્ય
2) મહેસૂલી ખર્ચ  કરતાં મહેસૂલી આવકનો વધારો એટલે ..................
   (A) નુકસાન (B) નફો (C) ઊપજ (D) ખર્ચ
3) દેવાદાર – લેણદારનો સંબંધ ક્યો વ્યવહાર દર્શાવે છે?
   (A) ₹ 8000 નો માલ ખરીદ્યો (B) ₹ 8000 નો માલ “બ” પાસેથી ખરીદ્યો
   (C) ₹ 8000 નો માલ ચેકથી ખરીદ્યો (D) ₹ 8000 નો માલ આગથી બળી ગયો
4) વસ્તુઓ અને સેવાઓ કરના અમલનું વર્ષ ................ છે.
   (A) 2016 (B) 2017 (C) 2015 (D) 2014
5) જે – તે રાજ્ય કેન્દ્રશાસિત પ્રદેશની બહાર કરવામાં આવેલ પૂર્તિના વ્યવહાર માટે ક્યો કર લાગુ પડે છે?
   (A) CGST (B) IGST (C) SGST (D) UTGST

## વિભાગઃ B

**❖ નીચે આપેલ પ્રશ્નક્રમાંક 06 થી 09 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.)** (04)

6) ધાલખાધ ધંધા માટે શું કહેવાય છે?
7) રોકડ વ્યવહાર એટલે શું?
8) અંતરરાજ્ય પૂર્તિ – વ્યવહારને ક્યા – ક્યા વસેક લાગુ પડે છે.
9) બેંકમાંથી અંગત ખર્ચ માટે ઉપાડેલ રકમ ક્યા ખાતે ઉધાર થાય છે.

## <u>વિભાગઃ C</u>

❖ **નીચે આપેલ પ્રશ્નક્રમાંક 10 અને 11 ના માગ્યા મુજબ જવાબ આપો. (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)** (06)

10) નીચેના પારિભાષિક શબ્દો સમજાવો.

(1) મૂડી (2) માલસ્ટોક (3) વાઉચર

11) નીચેના વ્યવહારો આર્થિક વ્યવહારો છે કે બિનઆર્થિક.

(1) ₹ 22,000 માં મિલકત મીરાને શાખ પર વેચી.

(2) ₹ 8,000 મજૂરીના ચૂકવ્યા.

(3) ₹ 10,000 ના માલના ઑર્ડરનું વચન મળ્યું

## <u>વિભાગઃ D</u>

❖ નીચે આપેલ પ્રશ્નક્રમાંક 12 ના માગ્યા મુજબ જવાબ આપો. (04)

12) નીચેનાં ખાતાંઓનું વર્ગીકરણ કરો અને ટૂંકમાં સમજૂતી આપો.

(1) બેંક ઓવરડ્રાફ્ટ ખાતું

(2) વીમા પ્રીમિયમ ખાતું

(3) સ્ટેશનરી સ્ટોક ખાતું

(4) મળેલ કમિશન ખાતું

(5) તાતા કંપનીના શેરનું ખાતું

(6) ખરીદપરત ખાતું

(7) ગુજરાત યુનિવર્સીટી ખાતું

(8) આગથી બળી ગયેલ માલનું ખાતું

## <u>વિભાગઃ E</u>

❖ **નીચે આપેલ પ્રશ્નક્રમાંક 13 ના જવાબ આપો.** (06)

13) નીચેના વ્યવહારો પરથી પ્રાંજલના ચોપડે આમનોંધ લખો.

(1) ₹ 10,000 રોકડા લાવી ધંધો શરૂ કર્યો.

(2) ₹ 5,000 નો માલ રોકડેથી ખરીદ્યો.

(3) ₹ 8,000 નો માલ રાજન પાસેથી શાખ પર ખરીદ્યો.

(4) ₹ 2,000 નો માલ ધર્માદામાં આપ્યો.

(5) શિવાનીએ ₹ 3000 નો માલ મોકલી આપ્યો.

(6) ₹ 2,500 જીવન વીમા પ્રીમિયમના ભર્યા.